# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 31-03-2025 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## ઈદની ઉજવણી:

આકાશવાણી,ભુજ સમાચાર પરેશ મારૂ વાંચે છે. નમસ્કાર......

આજે દેશભરમાં ભારે ઉત્સાહ અને ઉમંગપૂર્વક ઈદ-ઉલ-ફિત્રની ઉજવણી કરવામાં આવી રહી છે. શ્રધ્ધાળુઓ ઈદગાહ અને મસ્જિદોમાં ઈદની નમાજ અદા કરી રહ્યા છે. લોકો પોતાનાં સ્વજનોનાં ઘરે જઇને એકબીજાને ભેટ અને મુબારકબાદ આપી રહ્યા છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિતના મહાનુભાવોએ દેશવાસીઓને ઈદ-ઉલ-ફિત્રની શુભેચ્છાઓ પાઠવી છે.

-----------------------------------------------------------------------------------

## ઈદની ઉજવણી-કચ્છ:

કચ્છમાં પણ હર્ષોલ્લાસ સાથે ઇદ ઉલ ફિત્રની ઉજવણી કરવામાં આવી રહી છે. આજે ઇદ નિમિત્તે મુસ્લિમ બિરાદરો દ્વારા ભુજ, માંડવી, મુન્દ્રા, અંજાર, ગાંધીધામ, વગેરે શહેરો અને ગામોમાં ઈદગાહો પર સામૂહિક ઇદ નમાઝ અદા કરવામાં આવી હતી તેમજ એકમેકને ગળે મળીને ઇદ મુબારક પાઠવવામાં આવ્યા હતા. જિલ્લા મથક ભુજની મુખ્ય ઇદગાહ ખાતે મુસ્લિમ બિરાદરોએ નમાઝ અદા કરી, દેશની સુખ-શાંતિ માટે દુઆ માંગી હતી. મુસ્લિમ અગ્રણી અલીમોહમદ જતે ઇદની શુભેચ્છા આપતા આ મુજબ જણાવ્યું હતું.

(બાઇટ : અલીમોહમદ જત)

-----------------------------------------------------------------------------------

## ભચાઉ હાઈવે પર આગ :

ભચાઉ-ગાંધીધામ કોરિડોર હાઈવે પર જવાહર નગર નજીક આજે બપોરના સમયે એક મોટી દુર્ઘટના સર્જાઇ છે. અહીંના લાકડાના ગોડાઉનમાં ભીષણ આગ લાગી છે. આગની ઘટના બપોરે લગભગ અઢી વાગ્યાની આસપાસ બની છે. ગોડાઉનથી માત્ર 25 થી 30 મીટરના અંતરે પેટ્રોલ પંપ આવેલો હોવાથી સ્થિતિ વધુ ચિંતાજનક બની છે. હવાની દિશા પેટ્રોલ પંપ તરફ હોવાથી વિકરાળ આગે પેટ્રોલ પંપને ત્રણ બાજુથી ઘેરી લેતાં સ્થાનિક લોકોમાં ભયનો માહોલ છવાયો છે. આસપાસનાં ગામોનાં પાણીનાં ટેન્કર્સ ઘટનાસ્થળે પહોંચ્યાં છે. ભચાઉ અને ગાંધીધામ ફાયર વિભાગની ટીમો પણ તાત્કાલિક સ્થળ પર પહોંચીને આગને કાબૂમાં લેવા માટે સખત મહેનત કરી રહ્યા છે. હાલમાં મળી રહેલા અહેવાલો પ્રમાણે મહદઅંશે આગ કાબુમાં આવી છે.

---------------------------------------------------------------------------------

## ચૈત્રી નવરાત્રી-માતાના મઢ:

કચ્છના પ્રસિદ્ધ યાત્રાધામ આશાપુરા માતાજીના સ્થાનક માતાના મઢમાં ચૈત્રી નવરાત્રિના પ્રથમ નોરતે ગઇકાલે રવિવારે ત્રીસ હજાર કરતા પણ વધુ ભાવિકોએ માતાજીના દર્શન કર્યા હતા. યાત્રાધામ માતાનામઢમાં અમાસના મોડી સાંજે ઘટસ્થાપનની ધાર્મિક વિધિ સાથે આ પર્વની પરંપરાગત ઉજવણી શરૂ કરાઇ છે. આ વખતે ધો.10, 12ની બોર્ડની પરીક્ષાઓ પૂર્ણ થઈ ગઈ છે અને પ્રથમ નોરતે રવિવારની જાહેર રજા હોવાના કારણે વહેલી સવારથી બપોર સુધી અહીંની બજાર તેમજ મંદિર પરિસરમાં મોટી સંખ્યામાં માઇભક્તોની ભીડ જોવા મળી હતી. માતાજીના દર્શન માટે પરિસરમાં લાંબી લાઇનો લાગી હતી. મોટી સંખ્યામાં ભાવિકોએ બપોરે ભોજન પ્રસાદનો લાભ લીધો હતો. અહીંની દુકાનોમાં માતાજીની ચુંદડી, પ્રસાદ, શ્રીફળ સાથે અલગ અલગ વસ્તુઓની ખરીદી માટે ભીડ જોવા મળી હતી.

---------------------------------------------------------------------------------

# જિલ્લા તિજોરી કચેરી:

વર્ષ 2024-2025નાં નાણાકીય વર્ષમાં જિલ્લા તિજોરી દ્વારા 8 હજાર 500 કરોડનાં ચૂકવણા કરાયાં, તે સામે સરકારી તિજોરી કચેરીને 5100 કરોડની આવક થઇ છે. ગત નાણાકીય વર્ષમાં બમણા વધારા સાથે 27000થી વધુ બિલ પેટે 2500 કરોડ જેટલું ચૂકવણું કરાયું હતું. આ વર્ષે 44000થી વધુ બિલ પેટે 2900 કરોડ ચૂકવાયા છે. આ વર્ષે પણ ચૂકવણામાં વધારાનો ક્રમ જળવાયેલો રહ્યો છે. હિસાબી વર્ષની કામગીરીને ધ્યાને લઈ જિલ્લાની મુખ્ય અને પેટા તિજોરી કચેરી, ઉપરાંત બેન્કો અને અન્ય સંલગ્ન સંસ્થાનોમાં હિસાબ-કિતાબની  કામગીરીનો ધમધમાટ વેગવાન બન્યો  હતો.

---------------------------------------------------------------------------------------

# હવામાન:

કચ્છમાં ગરમીમાં આંશિક ઘટાડો થવાની સાથે તાપમાનનો પારો નીચે સરકતાં દિવસે ગરમી અને રાત્રે ઠંડી એમ બેવડી ઋતુ અનુભવાઇ રહી છે. હવામાન વિભાગે 5 દિવસ બાદ ગરમીમાં વધારો થવાની સાથે પારો મહત્તમ 2થી 3 ડિગ્રી ઉંચકાવાની શક્યતા દર્શાવી છે.

ગઇકાલે કચ્છમાં સૌથી વધુ ગરમ જિલ્લા મથક ભુજ રહ્યું હતું. મહત્તમ પારો 1.6 ડિગ્રી ઉંચકાઇને 38.2 ડિગ્રીએ પહોંચતા દિવસે ગરમી અનુભવાઇ હતી.

---------------------------------------------------------------------------------------